### પરપ્રાંતમાંથી વિદેશી દારૂ ભરેલો જથ્થો ભાવનગર તરફ લઈ જવાઈ રહ્યો હતો

# વડોદરા-હાલોલ રોડ પર કુમેઠા નજીક અકસ્માતમાં વિદેશી દારૂની રેલમછેલ થઇ

**અકસ્માતે** ખુલ્લી પડી વિદેશી દારૂની હેરાફેરી - જરોદ પોલીસની કામગીરી પર ગંભીર સવાલ

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.6

વડોદરા-હાલોલ રોડ પર કુમેઠા ગામ નજીક મંગળવાર સવારે સર્જાયેલા ભયાનક અકસ્માતે માત્ર એક નિર્દોષનો જીવ લીધો નથી, પરંતુ પોણા ચાર લાખથી વધુનો વિદેશી દારૂ બહાર આવતા દારૂ હેરાફેરીની મોટી પોલ ખુલી ગઈ હતી.





અકસ્માત બાદ રોડ પર તૂટેલી બોટલોમાંથી દારૂની તીવ્ર દુર્ગંધ અને રેલમછેલથી આસપાસના લોકો તરત સમજી ગયા હતા કે આ સામાન્ય અકસ્માત નથી. રોડ પર દારૂ વહી રહ્યો હતો, લોકો ભેગા થઈ રહ્યા હતા, છતાં પોલીસ પેટ્રોલિંગ અને કાર્યવાહી ક્યાં હતી? તેવો સવાલ હવે ઉઠી રહ્યો છે.

આ ગમખ્વાર અકસ્માતમાં બોલેરોનો કચ્ચરઘાણ વળી ગયો હતો, જેમાં ચાલક કરશનભાઈ ઉર્ફે ઉંગો ધનાભાઈ મકવાણાનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું, જ્યારે ભાવનગર જિલ્લાના વિનોદ મનજીભાઈ મકવાણા અને છત્રપાલસિંહ ધનુભાઈ ગોહીલ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે પરપ્રાંતમાંથી વિદેશી દારૂ ભરેલો જથ્થો ભાવનગર તરફ લઈ જવાઈ રહ્યો હતો.

કુમેઠા પાટિયા નજીક અકસ્માતની જાણ થતાં જરોદ પોલીસ મથકના પી.આઈ. જે.યુ. ગોહિલ અને એએસઆઈ રામસિંહ સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. તપાસ દરમિયાન પિકઅપમાં છુપાવવામાં આવેલા ફાયર એક્સ્ટિંગ્વિશર સિલિન્ડરો અને પીપળાંમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયર મળી આવ્યા હતા. કુલ 2233 બોટલ - અંદાજે રૂ.3.73 લાખનો દારૂ-બિયર જથ્થો, તેમજ વાહન અને સાધનો મળીને રૂ.6.61 લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

### બૂટલેગરના ઠેકાણે અચાનક છાપો મારતા મોટો જથ્થો હાથ લાગ્યો

# પાદરામાં દારૂ કટીંગ કરતા સમયે પોલીસનો સપાટો

(પ્રતિનિધિ) પાદરા, તા.6

ઉતરાયણ પર્વના ગણતરીના દિવસો બાકી છે ત્યારે પાદરા પોલીસે બુટલેગરો પર સપાટો બોલાવ્યો છે, પોલીસ દ્વારા બુટલેગરો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે.



ઉતરાયણ પર્વની ગણતરીના દિવસો પહેલા પાદરા-વડુ પંથક ના હદ વિસ્તારોમાં દારુ ની રેલમ છેલમ કરવા માટે પાદરા ખાતે વાત્સલ્ય હોસ્પિટલ ની બાજુની ગલીમાં આવેલ ભરત પરમાર ના નિવાસસ્થાન નજીક ઉતારાતો દારુ નો મોટો જથ્થો કટિંગ કરતા સમયે ભારતીય બનાવટ નો વિદેશી દારુ લાવી હેરા ફેરી કરતા દારૂ ના ક્વાટર નંગ 2160, 45 પેટી કિંમત રૂ.3,67,200/- તેમજ બે વાહન કિંમત રૂ.4 લાખ અને મોબાઈલ નંગ-3 કિંમત રૂ.30,000/- મળી કુલ 7,97,200/-નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરતા અન્ય બુટલેગરોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. પાદરા પી.આઈ વિજય ચારણ ને મળેલી બાતમીના આધારે લિસ્ટેડ બુટલેગર ભરત પરમાર ઉર્ફે મોટા ના ઠેકાણે કટીંગ સમયે અચાનક છાપો મારી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે ભરત પરમાર ઉર્ફે મોટા રહે.પાદરા, જીતેન્દ્ર વિજય ગિરી (રહે.કરોડિયા, વડોદરા) તથા મજીન્દરસિંહ સિંધુ (રહે. કરોડિયા, વડોદરા) સહિત કુલ ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

## ગતિવિધિ

### બોડેલીમાં છાત્રો માટે જીવનમાર્ગદર્શક બની મો.શફી લોખંડવાલાની વાણી



**બોડેલી ।** વિજ્ઞાન અને ટેકનોલોજીના ઝડપી બદલાતા યુગમાં વિદ્યાર્થીઓને યોગ્ય દિશા અને પ્રેરણા મળે તે હેતુથી અમારી શાળા ખત્રી વિદ્યાલયમાંવિશેષ મોટિવેશનલ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં યુ.એસ.એ.થી પધારેલા આંતરરાષ્ટ્રીય અનુભવી વ્યક્તિત્વ અને મોટીવેશનલ સ્પીકર મોહમ્મદશફી લોખંડવાલા વિદ્યાર્થીઓને જીવનઘડતર અને ભાવિ નિર્માણ અંગે પ્રેરણાદાયક માર્ગદર્શન આપ્યું હતું. લોખંડવાલા પોતાના ઉદબોધનમાં જણાવ્યું કે આજના વિદ્યાર્થીઓ આવતીકાલના રાષ્ટ્ર નિર્માતા છે. વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે જો સંસ્કાર, શિસ્ત અને સકારાત્મક વિચારધારા જોડાય તો કોઈ પણ વિદ્યાર્થી વૈશ્વિક સ્તરે સફળતા મેળવી શકે છે. તેમણે પોતાના જીવનના અનુભવો ઉદાહરણરૂપ રજૂ કરીને મહેનત, આત્મવિશ્વાસ અને સતત પ્રયત્નોના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. છેલ્લા 46 વર્ષથી અમેરિકા ખાતે વસવાટ કરતા હોવા છતાં, તેઓ હંમેશા ભારતના ભાવિ, સમાજના વિકાસ અને વિદ્યાર્થીઓના સર્વાંગી ઘડતર માટે ચિંતિત રહ્યા છે.

### છોટાઉદેપુર તાલુકાના વસેડી ગામે નવીન પંચાયત ઘરનું ખાતમુહૂર્ત કરાયું



**છોટાઉદેપુર ।** છોટાઉદેપુર તાલુકાના વસેડી ગામે નવીન પંચાયત ઘરનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું છે. વસેડી ગામે નવીન પંચાયત ઘર 25 લાખના ખર્ચે બનશે. જેનું આજે ખાતમુહુર્ત છોટાઉદેપુર લોકસભાના સાંસદ જશુંભાઈ રાઠવા, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા, પૂર્વ રાજ્યસભાના સાંસદ અને પૂર્વ રેલ રાજ્યમંત્રી નારણભાઈ રાઠવાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ કલ્પનાબેન રાઠવા, વસેડી જૂથ ગ્રામ પંચાયતના સરપંચ ગંભીરભાઈ રાઠવા,તાલુકા ભાજપ પ્રમુખ રસિકભાઈ રાઠવા, જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ શર્મિલાબેન રાઠવા સહિત તાલુકા પંચાયતના સદસ્યો, જિલ્લા પંચાયત સદસ્યો, સરપંચો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ બાદ મહાનુભાવના હસ્તે છોટાઉદેપુર વિધાનસભાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાની ગ્રાન્ટ માંથી છોટાઉદેપુર તાલુકાની 10 જેટલી ગ્રામ પંચાયતોને પીવાના પાણીનું ટેન્કરનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

### ડભોઇ પોલીસ દ્વારા માર્ગ સલામતી માસ 2026 ની ઉજવણી કરાઈ



**ડભોઇ ।** ડભોઇ પોલીસ દ્વારા માર્ગ સલામતી સપ્તાહ ૨૦૨૬ ની ઉજવણી ના ભાગ રુપે શિનોર ચોકડી પાસે નજીક ઉતરાયણ નો ત્યૌહાર હોઇ દોરી થી બચવા ટુવ્હિલર આગળ સેફ્ટી ગાર્ડ લગાડી આપી વાહનચાલકો ને દોરી થી બચવા સમજ આપી હતી અત્રેઉલ્લેખનીય છે કે દોરી ના કારણે કેટલાય વાહનચાલકો ના ગળા કપાવાને કારણે મૃત્યુ ના બનાવો બને છે ડભોઇ પોલીસ દ્વારા સામાજિક જાગૃતતા ના ભાગ રુપે વાહનચાલકો ને સેફ્ટી ગાર્ડ લગાડી આપવા ના માનવતા રુપી કાર્ય ની ડભોઇ શહેર માં પ્રસંસા થઇ રહી છે આ પ્રસંગે પોલીસ વિભાગ ના કર્મચારીઓ અને જિલ્લા ભાજપ ના અગ્રણી મહેશદાજી પણ ઉપસ્થિત હતાં

# ગળોથ પ્રાથમિક શાળામાં રામહાટની અનોખી પહેલ

(પ્રતિનિધિ) બોડેલી, તા.6

રામહાટ એક અનોખી પહેલ... શિક્ષણના એક ભાગરૂપે બાળકોની જરૂરિયાત ને ધ્યાને લઈ શાળામાં બાળકોના અભ્યાસની નકામી નોટબુક, નકામી ચોપડીઓનો સંગ્રહ કરી તેમજ વિદ્યાર્થીઓના સહયોગથી અન્ય રદ્દી ભેગી કરીને તેનું વેચાણ કરી શાળા ખાતે ફંડ એકઠું થતાં શાળાના શિક્ષક રાઠવા ઉદયસિંહ. આર ના માર્ગદર્શન અને શાળાના આચાર્યના સહયોગથી ધોરણ-5 ની વિદ્યાર્થિનીઓ રાઠવા સુહાનીબેન જીગ્નેશભાઈ અને રાઠવા પ્રિયાંશી મહેન્દ્રભાઈ બે બાળકીઓ દ્વારા વર્ગમાં એક પહેલ સ્વરૂપે શાળામાં રામહાટ શરૂ કરવામાં આવેલ છે.જેમાં બંન્ને દીકરીઓ અને શાળાના શિક્ષકશ્રી દ્વારા શાળાના બાળકોને ઉપયોગી નોટબુક,ચોપડા, પેન,પેન્સિલ,રબર, સ્કેચપેન તેમજ અન્ય જરૂરી સ્ટેશનરી સામગ્રી ખરીદી કરીને શાળામાં




રામહાટ નું આયોજન કરેલ છે. જેમાં શાળાના બાળકો પોતાની જરૂરિયાત અનુસાર રિશેષ સમયે દરમિયાન સ્ટેશનરી લઈ જાય છે અને રકમ મૂકી જાય છે એની દેખરેખ બન્ને દીકરીઓ દ્વારા થાય છે અને એક નાનો રોજમેળ બનાવી આવક અને જવાની નોંધ કરાય છે. રામ હાટ બાળકો માટે ખૂબ જ લાભદાયી નીવડેલ છે આ એક પહેલ સફળતાના માર્ગે છે.

# છોટાઉદેપુર જિલ્લાના વેપારીઓ મૂંઝવણમાં, બજારોમાં મંદીનો માહોલ

**લગ્ન સીઝન** આવવાની હોય પરંતુ સોના ચાંદીના ભાવ આસમાને જતા સોની બજાર સુમસામ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.6

છોટાઉદેપુર આદિવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો છે. જેમાં 90% આદિવાસી વસ્તી વસવાટ કરે છે અને છોટાઉદેપુરના મુખ્ય બજારોમાં ખરીદી કરવા અર્થે કરવામાં આવે છે હાલ છોટાઉદેપુરમાં જિલ્લાનું મુખ્ય મથક હોય પરંતુ છેલા ઘણા સમયથી બજારોમાં ઘરાકીની રોનક જોવા મળતી નથી. જ્યારે વેપારીઓ મૂંઝવણ અનુભવી રહ્યા છે



#### બજારમાં ઘરાકી જ નથી

છોટાઉદેપુરના બજારોમાં હાલમાં સોના ચાંદીના ભાવ વધી જવાના કારણે ગ્રાહકો ખરીદી કરવા અર્થે આવતા નથી તથા ભાવ પૂછીને પરત જતા રહે છે એમ જુદી જુદી દુકાનો ઉપર ભાવની તપાસ કરે છે. લગ્ન તથા શુભ પ્રસંગોની શરૂઆત થવાની હોય પરંતુ બજારો સુમસામ જોવા મળી રહ્યા છે - **અશોકભાઈ સોની, છોટાઉદેપુર.**

છેલા ઘણા સમયથી મોઘવારી અને મંદીના ચકેડામાં પીસાતો ગ્રાહક અને વેપારી બંને મૂંઝવણના શિકાર બન્યા છે. આવનારા 15 દિવસ પછી કમૂરતા પૂરા થવાના હોય અને લગ્ન તથા શુભ પ્રસંગની સીઝન શરૂ થવાની હોય પરંતુ બજારમાં ઘરાકીની રોનક જોવા મળતી નથી અને દુકાનદાર વેપારીઓ માથે હાથ ધરીને બેસી રહ્યા છે માલ ભરાવી દીધો હોય પરંતુ ઘરાકી ન નિકળતા નુકસાન જવાની શક્યતા વર્તાય રહી છે

લગ્ન તથા શુભ પ્રસંગ 15 દિવસ પછી શરૂથવાના હોય પરંતુ બજારો સૂમસામ જોવા મળતા વેપારીઓ ને આર્થિક નુકસાન જય શકે તેમ છે છેલા દોઢ બે મહિનાથી સોના ચાંદીના ભાવ નિરંતર વધી રહ્યા છે . લગ્ન તથા શુભ પ્રસંગમાં સોનુ અને ચાંદીની વિશેષ ખરીદી થતી હોય પરંતુ ભાવ આસમાને પોહચી જતા ગ્રાહકો ખરીદી કરવા માટે ખચકાય છે અને બંને તેટલું સોના ચાંદીની ખરીદી ઓછી થાય તેવો આગ્રહ રાખે છે. જેની અસર બજારમાં જોવા મળી રહી છે.

### ચાઇનીઝ દોરીનો સંગ્રહ કે વેચાણ થતું હોય તો પોલીસને જાણ કરવા અનુરોધ

# પાદરા પોલીસ દ્વારા ચાઈનીઝ દોરી વિરોધી વિશેષઝુંબેશઅનેવ્યાપકજનજાગૃતિકાર્યક્રમ

(પ્રતિનિધિ) પાદરા, તા.6

પાદરા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ચાઈનીઝ દોરી તથા તુક્કલના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગને રોકવા માટે પાદરા પીઆઇ વિજય ચારણના માર્ગદર્શન હેઠળ સમગ્ર આયોજન સુચારૂ અને પોલીસ દ્વારા ખાસ ઝુંબેશ તેમજ જનજાગૃતિ સભાનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું.

આ અભિયાન અંતર્ગત પાદરા નગર વિસ્તારમાં જાહેર જાહેરાત આપવામાં આવી હતી તેમજ વેપારીઓને કાયદાની જોગવાઈઓ અંગે સ્પષ્ટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પતંગની દોરી વેચાણકર્તા વેપારીઓને ચાઈનીઝ દોરી વેચવાથી થતા કાયદાકીય દંડ,



જેલસજા થવાની શક્યતાઓ વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.

જનજાગૃતિ સભામાં નગરજનોને ચાઈનીઝ દોરીથી થતા ગંભીર અકસ્માતો, માનવજીવનને પહોંચતા જોખમો તેમજ પક્ષીઓ અને પ્રાણીઓને થતી હાનિ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ખાસ કરીને ઉતરાયણ પર્વ દરમિયાન ગળા કપાવાની ઘટનાઓ, વાહનચાલકોને થતી ઈજાઓ અને નિર્દોષ પક્ષીઓના મોત જેવા કિસ્સાઓનો ઉલ્લેખ કરી લોકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી હતી.

પોલીસ દ્વારા જનજાગૃતિ વધુ વ્યાપક બને તે હેતુસર રિક્ષાઓ પાછળ બેનરો લગાવી પાદરા નગર વિસ્તારમાં પ્રચાર પણ કરવામાં આવી રહ્યો છે. સાથે સાથે જો ક્યાંય ચાઈનીઝ દોરીનો સંગ્રહ કે વેચાણ થતું હોય તો તરત પોલીસને જાણ કરવા નાગરિકોને અનુરોધ કરાયો હતો. પોલીસનું આ અભિયાન નાગરિકોની સલામતી, પર્યાવરણ સંરક્ષણ અને કાયદાનું કડક પાલન સુનિશ્ચિત કરવા માટે મહત્વપૂર્ણ પગલું હોવાનું ગણાવ્યું હતું.

# બોડેલીના જબુગામ ખાતે ખનીજ વિભાગનીતપાસ,માફિયાઓમાંફફડાટ

**તલાટીની** રજૂઆતના આધારે ખનીજ વિભાગની ટીમ જબુગામ ખાતે પહોંચી



(પ્રતિનિધિ) બોડેલી, તા. 6

જબુગામ વિસ્તારમાં ઓરસંગ નદીમાં ચાલી રહેલા ગેરકાયદેસર ખનનને અટકાવવા લોક માંગ ઉઠતા ખનીજ વિભાગ સક્રિય બન્યું છે. છોટાઉદેપુર જિલ્લામાં ગેરકાયદેસર ખનન પર અંકુશ લાવવા ખનીજ વિભાગની ટીમે તપાસ કામગીરી હાથ ધરી છે.

રોડ-રસ્તાઓના વિકાસના નામે આસપાસના વિસ્તારોમાં ચાલી રહેલા ગેરકાયદેસર ખાણકામ અંગે જબુગામ ગ્રામ પંચાયતના તલાટી દ્વારા કરાયેલ રજૂઆતના આધારે ખનીજ વિભાગની ટીમ જબુગામ ખાતે તપાસ અર્થે પહોંચી હતી. ખનીજ વિભાગની ટીમ આવતા જ ગેરકાયદેસર ખનન કરનારાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

મહત્વની વાત એ છે કે કેટલાક લોકો રોડની બાજુમાં વાહનો ઉભા રાખી મશીનરી દ્વારા ગેરકાયદેસર ખાણકામ કરી ગાડીઓ ભરતા હોવાનું સામે આવ્યું છે. આ મામલે ખનીજ વિભાગની ટીમે કાર્યવાહી કરી સંબંધિત માર્ગોનું પંચનામું તૈયાર કરી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે થોડા સમયથી શાંત પડેલા ખનન માફિયા ફરી સક્રિય બનતા ગ્રામ પંચાયત પણ ગેરકાયદેસર ખનન અટકાવવા આગળ આવી છે, જેથી વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાનું પાલન થાય તે દિશામાં પ્રયાસો તેજ બન્યા છે.

### ડભોઈ APMCમાં ખેડૂત હિત રક્ષક દ્વારા શેષ ફીની આવકમાં ધરખમ વધારો કરાયો !!

(પ્રતિનિધિ) ડભોઈ, તા.6

ડભોઈ એ પી.એમ.સી માં ૨૦૨૫ ના વર્ષ ની ચૂંટણી યોજાઈ હતી જેમાં ખેડૂત હિત રક્ષક સમિતિ દ્વારા પેનલ ઉતારાઈ હતી જેના ચાર જેટલા ઉમેદવારો વિજેતા થયા હતાં ખેડૂત હિત રક્ષક સમિતિ એ પરિણામ ના દિવસે જ જાહેરાત કરી હતી કે એપીએમસીના સ્થાપક ભાઈલાલા કાકાનુ અધુરુ સપનુ પૂરું કરીશું અને ખેડૂત હિત રક્ષક સમિતિ ના ચાર સભ્યો અને અન્ય બીજા સભ્યો એ ખેડૂતો માટે સી સી.આઈ ની પસંદગી કરી અને ખેડૂતો ના માલ ની નોંધણી કરી જેમાં એક જ માસ માં આશરે 27 લાખ શેષ ની આવક ડભોઈ એ.પી.એમ.સી. ને થઈ છે અને આવનાર ભવિષ્ય માં પણ ખેડૂતો ને વધુ માં વધુ સેવા ઓ મળી રહે એવા પ્રયત્ન કરાશે. એપીએમસીના ઈતિહાસમાં પહેલી વાર 27 લાખ ની શેષની આવક તાલુકાના ખેડૂતોમાં ચર્ચાનો વિષય બન્યો છે અને ખેડૂતો ખેડૂત હિત રક્ષક સમિતિ અને અન્ય સભ્યોની કામગીરીના વખાણ કરી રહ્યા છે.

# સાવલીના મેવલી ગામમાં બાઈક સિઝિંગ કરતા પોલીસે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) સાવલી, તા.6

સાવલી તાલુકાના મેવલી ગામે લોન પર લીધેલી બાઈકના હપ્તા ચૂકવ્યા છતાં ગ્રાહકને હેરાનગતિ, બે લોન કંપની સામે સાવલી પોલીસ ફરિયાદ નોંધાવતા સાવલી પોલીસે ફાઈનાન્સ કંપની અને મેનેજર સહિત કુલ છ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

સાવલી તાલુકામાં લોનધારકોની સુરક્ષા અને અધિકારો અંગે ચિંતાજનક ઘટના સામે આવી છે. લોન ચૂકવવા છતાં લોન કંપનીના પ્રતિનિધિઓ દ્વારા બળજબરી, ધમકી અને દાદાગીરી કરવામાં આવી હોવાનો ગંભીર આરોપ અને બૂમો વારંવાર ઉઠે છે અને બેંકો દ્વારા ભાડૂતી ગુંડાઓ રાખીને બાઈક સિઝિંગ કરવાના બનાવો વારંવાર સામે આવે છે તેવામાં સાવલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા વિસ્તારમાં ભારે ચર્ચા શરૂ થઈ છે.

સાવલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ મુજબ ભાવેશ હિંમતભાઈ ચૌહાણ (રહે.મેવલી મહાદેવ ફળિયું, તા.સાવલી ) જણાવે છે કે તેઓએ લોન કંપની પાસેથી લીધેલી લોનના તમામ હપ્તા પુરેપુરા ચૂકવી દીધા હતા. છતાં પણ કોઈપણ પ્રકારની લેખિત નોટિસ કે પૂર્વ જાણ કર્યા વિના લોન કંપનીના કર્મચારીઓએ અચાનક પેનલ્ટી ચાર્જ બાકી હોવાનું કહી દબાણ શરૂ કર્યું હતું.અને ફરીયાદીના ભાઈ સાવલી-મંજુસર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે લોન કંપનીના પ્રતિનિધિઓએ તેમને રસ્તા પર બળજબરીપૂર્વક રોકી લીધા હતા. ત્યારબાદ ગાડી જપ્ત કરી વેચી દેવાની તેમજ ટાટીયા તોડી નાખવાની ધમકી આપી ભયનું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું. આ સમગ્ર ઘટનાથી ફરીયાદી પરિવાર માનસિક ત્રાસમાં મુકાયો હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે.

આ મામલે આરોપી તરીકે સેન્ચુરી બાઈક્સ પ્રાઈવેટ લિમિટેડના બ્રાન્ચ મેનેજર અને એકાઉન્ટન્ટ તથા મનબા ફાઈનાન્સ લિમિટેડના બ્રાન્ચ મેનેજર અને એકાઉન્ટન્ટ વિરુદ્ધ ગુનો નોંધાયો છે.અને આ ઘટના બાદ લોન કંપનીઓ દ્વારા અપનાવવામાં આવતી વસૂલાતની પદ્ધતિઓ પર પ્રશ્નચિહ્ન ઊભું થયું છે. સ્થાનિક લોકોમાં પણ એવો રોષ જોવા મળી રહ્યો છે.

# છોટાઉદેપુરમાં સુવરોના ત્રાસથી નાગરિકો પરેશાન

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.6

છોટાઉદેપુર નગરમાં છેલ્લા ઘણા દિવસોથી રખડતા સુવરોના ત્રાસથી નાગરિકો પરેશાન થઈ ગયા છે. સુવરો લોકો પર હુમલો કરી રહ્યા હોવાની અને કરડવાની ઘટનાઓ વધતા નગરમાં ભયનો માહોલ ફેલાયો છે. ચર્ચા મુજબ 7 થી 8 લોકોને મોટા દાંતવાળા જંગલી સુવરો દ્વારા કરડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

નગરમાં જાણે સુવરોની ટોળકી ફરી રહી હોય તેવા દ્રશ્યો રોજ જોવા મળે છે. ખાસ કરીને માર્કેટ વિસ્તાર અને જાહેર માર્ગો પર આ જંગલી, મોટા દાંતવાળા સુવરો લોકો પાછળ દોડતા અને કરડતા હોવાના બનાવો સામે આવ્યા છે. મુખ્ય બજારોમાં પણ સુવરો દ્વારા લોકોને દોડાવવામાં આવ્યા



હોવાની માહિતી મળી છે, જ્યારે કેટલાક લોકોને ગંભીર રીતે ઈજા પહોંચ્યાની ચર્ચા પણ ચાલી રહી છે. આજરોજ છોટાઉદેપુરમાં એક જંગલી સુવર અચાનક ઉશ્કેરાઈ ગયો હતો અને એકી સાથે આઠથી દસ વ્યક્તિઓને બચકા ભર્યા હતા, જેના કારણે નગરમાં ભારે ઉહાપોહ સર્જાયો હતો. ભૂરાયો બનેલો આ જંગલી સુવર મેન બજારમાં દોડ્યો હતો અને દુકાનમાં ઘૂસી ગયો હતો. ઘટનાસ્થળે લોકોનું ટોળું ભેગું થતાં ભારે જહેમત બાદ સુવર પકડી લેવાયો હતો.